# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

## –:: પરિપત્ર ::–

પ્રવર્તમાન કોવીડ – ૧૯ પરિસ્થિતને ધ્યાને લઇ તથા આવનાર સંક્રમણ વધુ ભયાનક થઇ શકે તેવી ભિતિ સેવાય રહી છે ત્યારે સંક્રમણને નાથવા માટેના જરૂરી પગલા લેવાની આપણી જવાબદારી બને છે. અને આપણુ કર્તવ્ય નિભાવીને નામદાર સરકારશ્રીના સૂચનોનું પાલન થાય તે જોવાનું થાય છે. આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટના કચેરીઓના વડાઓને પરિપત્રિત કરવામાં આવે છે કે આપણી કચેરીઓમાં કર્મચારીઓ પોતે સંક્રમિત હોય કે તેમના સંક્રમિત પરિવારમાંથી કોઇ હોય તેઓએ ફરજીયાત પણે કચેરીમાં કે જાહેરમાં આવવું જોઇએ નહી.

વધુમાં જણાવવાનું કે કર્મચારી પોતે સંક્રમિત હોવાથી રજા ઉપર ગયેલ અને પછી જયારે કચેરીમાં હાજર થાય ત્યારે પોતાનું RT-PCR Test કરાવી તેનો નેગેટીવ રીપોર્ટ ફરજીયાત રજુ કરવાનો રહેશે. અને જો પરિવારમાંથી કોઇ સભ્ય કોરોના પોઝેટીવ હોવાથી રજા ઉપર ગયેલ હોય તો પરિવારના સભ્યનો RT-PCR Test કરાવી નેગેટીવ રીપોર્ટ આવ્યા બાદ જ કચેરીમાં હાજર થવાનું રહેશે.

સદરહુ પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવેલ છે.

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૨/૪૬૧૦-૬૦/૨૦૨૧
નવસારી તારીખ ૧૩/૦૫/૨૦૨૧

ઇ/~~આ.~~કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી